# ઈરાન યુદ્ધની અસરો વિશ્વભરમાં ફેલાતા જાણે અંધકાર યુગ શરૂ થયો

**શ્રીલંકામાં** સ્ટ્રીટ લાઇટ, નિયોન સાઇન અને બિલબોર્ડ લાઇટિંગ બંધ કરવાનો આદેશ અપાયો

**ફિલિપાઇન્સે** રાષ્ટ્રીય ઉર્જા કટોકટીની સ્થિતિ જાહેર કરી, થાઇલેન્ડમાં લિફ્ટનો ઉપયોગ બંધ કરાયો

**સ્લોવેનિયા** ઈંધણનું રેશનિંગ લાવનારો પ્રથમ EU દેશ, ન્યૂઝીલેન્ડમાં પેટ્રોલ ખર્ચ ઘટાડવા કહેવાયું

નવી દિલ્હી, તા. 24 : હોર્મુઝ સ્ટ્રેટનો મહત્વપૂર્ણ માર્ગ અવરોધાયો હોવાથી ઉદ્દભવેલા ઓઇલ સંકટને કારણે વિશ્વભરના દેશો ઈંધણ બચાવવા માટે પ્રયત્નશીલ છે. વૈશ્વિક નેતાઓ દ્વારા તેહરાનને જળમાર્ગ ખુલ્લો કરવાની વિનંતીઓ છતાં, તેલના ભાવ પ્રતિ બેરલ $100 થી ઉપર પહોંચી ગયા છે. જેને પગલે શ્રીલંકાથી લઇને સ્લોવેનિયા સુધીના દેશોમાં વિવિધ પ્રતિબંધાત્મક આદેશો જારી કરવામાં આવ્યા છે.










પુરવઠાની અછતને પહોંચી વળવા માટે ઉર્જા વપરાશમાં 25 ટકાનો ઘટાડો કરવાના પગલાંના ભાગ રૂપે શ્રીલંકાએ મંગળવારથી સ્ટ્રીટ લાઇટ, નિયોન સાઇન અને બિલબોર્ડ લાઇટિંગ બંધ કરવાનો આદેશ આપ્યો છે. સરકારી પ્રવક્તા નાલિન્દા જયતિસ્સાએ જણાવ્યું હતું કે મધ્ય પૂર્વ યુદ્ધ તેના ચોથા અઠવાડિયામાં પ્રવેશી રહ્યું હોવાથી, તેલ અને ગેસના ભાવમાં વધારો થતાં, તમામ રાજ્ય સંસ્થાઓને એર કન્ડીશનીંગનો ઉપયોગ ઘટાડવા માટે કહેવામાં આવ્યું છે.

જ્યારે ફિલિપાઇન્સના રાષ્ટ્રપતિએ મધ્ય પૂર્વના સંઘર્ષના પ્રતિભાવમાં રાષ્ટ્રીય ઉર્જા કટોકટીની સ્થિતિ જાહેર કરી છે અને જેને તેમણે દેશના ઉર્જા પુરવઠા માટે 'નિકટવર્તી ખતરો' ગણાવ્યો છે. મંગળવારે, રાષ્ટ્રપતિ ફર્ડિનાન્ડ માર્કોસ જુનિયરે જણાવ્યું હતું કે સંઘર્ષને કારણે વૈશ્વિક ઉર્જા બજારોમાં અનિશ્ચિતતા, પુરવઠા શૃંખલામાં ગંભીર વિક્ષેપ અને નોંધપાત્ર અસ્થિરતા અને આંતરરાષ્ટ્રીય તેલના ભાવ પર ઉપરનું દબાણ સર્જાયું છે 'જેનાથી દેશની ઉર્જા સુરક્ષા માટે ખતરો ઉભો થયો છે.' દરમિયાન, સ્લોવેનિયા ઈરાન યુદ્ધને કારણે સ્ટોકિંગને કારણે ઉભી થયેલી અછતને પહોંચી વળવા માટે ઈંધણ રેશનિંગ રજૂ કરનાર પ્રથમ યુરોપિયન યુનિયન (ઇયુ) સભ્ય દેશ બન્યો છે.

વડા પ્રધાન રોબર્ટ ગોલોબે શનિવારે સાંજે જાહેરાત કરી હતી કે વ્યક્તિગત સર્વિસ સ્ટેશનો પર ઈંધણ ભરવાનું કામ ખાનગી વાહનો માટે દરરોજ 50 લિટર અને કંપનીઓ અને ખેડૂતો જેવા અન્ય પ્રાથમિકતા ધરાવતા વપરાશકર્તાઓ માટે 200 લિટર સુધી મર્યાદિત કરવામાં આવ્યું છે.

વિયેતનામના ઉડ્ડયન સત્તાવાળાએ જણાવ્યું હતું કે, જેટ ઈંધણની અછતને કારણે, ફ્લેગ કેરિયર વિયેતનામ એરલાઇન્સ એપ્રિલથી અનેક સ્થાનિક રૂટ પર દર અઠવાડિયે 23 ફ્લાઇટ્સ રદ કરવાની યોજના ધરાવે છે. બાંગ્લાદેશે ઊર્જા બચાવવા માટે ગયા અઠવાડિયે યુનિવર્સિટીઓ માટે રમઝાનની વહેલી રજાઓની જાહેરાત કરી હતી અને સમયપત્રક મુજબ વીજળી બંધ કરી દીધી હતી.થાઇલેન્ડમાં, વડા પ્રધાને અધિકારીઓને લિફ્ટને બદલે સીડીનો ઉપયોગ કરવાનું પણ કહ્યું છે, અને પાકિસ્તાન, જે હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા આવતી 85 ટકા ઉર્જા પર આધાર રાખે છે, તેણે ગયા અઠવાડિયે શાળાઓને દૂરસ્થ શિક્ષણમાં ખસેડી. દરમિયાન, ન્યુઝીલેન્ડમાં હજારો પરિવારોને ટૂંક સમયમાં પેટ્રોલનો ખર્ચ ઘટાડવા માટે 22 ની સાપ્તાહિક રોકડ ચુકવણી પ્રાપ્ત થશે.

## દક્ષિણ પ્રશાંત મહાસાગરમાં ટોંગા પાસે 7.6ની તીવ્રતાનો શક્તિશાળી ધરતીકંપ

વેલિંગ્ટન, તા. 24 (એપી): દક્ષિણ પેસિફિક મહાસાગરમાં સ્થિત ટાપુ દેશ ટોંગામાં મંગળવારે સાંજે 7.6ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ અનુભવાયો હતો. જેના પગલે લોકોને કાંઠા વિસ્તારથી સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા હતા જોકે સુનામીની કોઈ ચેતવણી જારી કરાઈ ન હતી. યુએસ જીઓલોજિકલ સર્વે (યુએસજીએસ)ના જણાવ્યા અનુસાર, આ ભૂકંપ જમીનથી આશરે 237 કિમીની ઊંડાઈએ નોંધાયો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ ટોંગાના બીજા ક્રમના સૌથી મોટા શહેર નેઈઆફુથી પશ્ચિમમાં 153 કિમી દૂર દરિયામાં હતું. ભૂકંપના જોરદાર આંચકાને પગલે ટોંગાના રાષ્ટ્રીય આપદા પ્રબંધન વિભાગે નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને તાત્કાલિક ઊંચાણવાળા સ્થળોએ ખસી જવા સૂચના આપી હતી. લોકોને દરિયા કિનારા અને બીચથી દૂર રહેવા ચેતવણી આપવામાં આવી હતી. જોકે, ભૂકંપ ઘણો ઊંડો હોવાને કારણે પેસિફિક સુનામી વોર્નિંગ સેન્ટરે સ્પષ્ટતા કરી છે કે સુનામીનું કોઈ જોખમ નથી.







## સ્પેનના પ્રવાસનધામ કેનેરી ટાપુ પર ભયંકર વાવાઝોડું

**ઇસ્ટર** વેકેશનના થોડા જ દિવસ પહેલા ત્રાટકેલા તોફાનમાં સંખ્યાબંધ વિદેશી પર્યટકો ફસાયા

ગ્રાન કેનેરીયા, તા. ૨૪: ભયંકર તોફાનોએ સ્પેનિશ કેનેરી આઈલેન્ડ્સમાં પાયમાલી સર્જ્યા બાદ હજારો લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. ઈસ્ટરના વેકેશનના ગણતરીના દિવસો પહેલા જ ત્રાટકેલા 'સ્ટોર્મ થેરેસા'ના પાંચમા દિવસે પૂર અને ભૂસ્ખલનને કારણે આ સ્વર્ગ સમાન ટાપુઓ પર અનેક પર્યટકો ફસાયા છે. ગત રાત્રિ દરમિયાન પડેલા અવિરત વરસાદને કારણે વ્યાપક પૂર આવ્યું છે, જેનાથી અનેક સમુદાયો સંપર્કવિહોણા બન્યા છે. માત્ર ગ્રાન કેનેરિયામાં જ ૩,૦૦૦ થી વધુ લોકોને બહાર કાઢવામાં આવ્યા છે અથવા તેઓ ફસાયા છે. સ્થળાંતર કરાયેલા લોકોને હાલમાં એક માધ્યમિક શાળામાં બનાવેલા કામચલાઉ આશ્રયસ્થાનમાં રાખવામાં આવ્યા છે, અને કટોકટી સેવાઓએ ચેતવણી આપી છે કે પરિસ્થિતિ હજુ વધુ વણસી શકે છે. સ્થાનિક મીડિયાએ તેને 'સદીનું સૌથી ભયાનક તોફાન' ગણાવ્યું છે અને પર્યટકોને અંદર રહેવાની સલાહ આપી છે, કારણ કે રસ્તાઓ તૂટી રહ્યા છે, હોટેલોને નુકસાન પહોંચ્યું છે અને જળાશયો છલકાઈ રહ્યા છે.

## યુદ્ધના દોષનો ટોપલો યુદ્ધ મંત્રી પર ઢોળવાનો ટ્રમ્પનો પ્રયાસ

**ઘરઆંગણે** વિરોધનો સામનો કરતા ટ્રમ્પ બોલ્યા ઇરાનમાં યુદ્ધ લડવાની તૈયારી સૌથી પહેલા હેગસેથે બતાવી હતી

વૉશિંગ્ટન, તા. ૨૪(પીટીઆઈ): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે જ્યારે તેમણે તેમના નજીકના સહયોગીઓ સાથે મધ્ય પૂર્વની સમસ્યા વિશે ચર્ચા કરી, ત્યારે યુદ્ધ મંત્રી પીટ હેગસેથ ઈરાન પર હુમલો કરવાનું સૂચન કરનાર પ્રથમ વ્યક્તિ હતા. સોમવારે ટેનેસીમાં 'મેમ્ફિસ સેફ ટાસ્ક ફોર્સ રાઉન્ડટેબલ'માં બોલતા ટ્રમ્પે કહ્યું કે નિર્ણય લેતા પહેલા તેમણે હેગસેથ અને જોઈન્ટ ચીફ્સ ઓફ સ્ટાફના ચેરમેન એરફોર્સ જનરલ ડેન કેન સહિતના તમામ સહયોગીઓને ઈરાનની સ્થિતિ અંગે ચર્ચા કરવા બોલાવ્યા હતા. ટ્રમ્પે કહ્યું, મેં પીટને બોલાવ્યા, મેં જનરલ કેનને બોલાવ્યા. મેં આપણા ઘણા મહાન લોકોને બોલાવ્યા... અને મેં કહ્યું, 'ચાલો વાત કરીએ. આપણને મધ્ય પૂર્વમાં એક સમસ્યા છે. આપણી પાસે ઈરાન તરીકે ઓળખાતો એક દેશ છે, જે છેલ્લા 47 વર્ષથી આતંકનો પ્રસાર કરી રહ્યો છે, અને તેઓ પરમાણુ હથિયાર મેળવવાની ખૂબ નજીક છે. આપણે આગળ વધી શકીએ છીએ અને તે સંખ્યા 50,000 થી વધારીને 55 કે 60 હજાર સુધી લઈ જઈ શકીએ છીએ, તેનો કોઈ અંત નથી, અથવા આપણે એક વિરામ લઈ શકીએ છીએ અને મધ્ય પૂર્વની ટૂંકી મુલાકાત (હુમલો) કરીને એક મોટી સમસ્યાને ખતમ કરી શકીએ છીએ.' આ મુદ્દે દેશમાં વિરોધનો સામનો કરી રહેલા ટ્રમ્પે હેગસેથના ત્વરિત પ્રતિસાદની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું, પીટ, મને લાગે છે કે તમે બોલનારા પ્રથમ વ્યક્તિ હતા અને તમે કહ્યું હતું કે 'ચાલો તે કરીએ' કારણ કે તમે તેમને પરમાણુ હથિયાર રાખવા દઈ શકો નહીં.

## ભારતમાં ઈચ્છા મૃત્યુની મંજૂરી મેળવનાર પ્રથમ વ્યક્તિ હરીશ રાણાનું અવસાન

નવી દિલ્હી, તા. 24(PTI): ભારતમાં નિષ્ક્રિય ઈચ્છામૃત્યુની મંજૂરી મેળવનાર પ્રથમ વ્યક્તિ હરીશ રાણાનું 13 વર્ષથી વધુ સમય સુધી કોમામાં રહ્યા બાદ મંગળવારે AIIMS-દિલ્હી ખાતે નિધન થયું છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. 31 વર્ષીય હરીશ, જેઓ 2013થી કોમામાં હતા, તેમને 14 માર્ચના રોજ ગાઝિયાબાદ સ્થિત તેમના ઘરેથી ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીસ (AIIMS)ની ડૉ. બી.આર. આંબેડકર ઈન્સ્ટિટ્યૂટ રોટરી કેન્સર હોસ્પિટલના પેલિએટિવ કેર યુનિટમાં ખસેડવામાં આવ્યા હતા. તેના ત્રણ દિવસ પહેલા, 11 માર્ચના રોજ એક ઐતિહાસિક ચુકાદામાં સુપ્રીમ કોર્ટે હરીશ માટે નિષ્ક્રિય ઈચ્છામૃત્યુની મંજૂરી આપી હતી.


**મહિધરપુરા અર્બન કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ.**
"અક્ષય" દાળિયા શેરી, મહિધરપુરા, સુરત-૩ ફોનઃ ૨૪૨૮૯૨૦

**સભાસદ જોગ**

સોસાયટીના પેટા નિયમ ૨૭(૧) મુજબ વ્યવસ્થાપક કમિટીના સભ્યો (૧) શ્રી ભરતભાઈ દિનુભાઈ અમીન (૨) શ્રી ઈશ્વરભાઈ મોતીભાઈ પટેલ (૩) શ્રી આલોકભાઈ શૈલેષભાઈ મહેતા (૪) શ્રી ચંદ્રકાંત રતીલાલ પટેલ (૫) શ્રી એનીષભાઈ પરેશભાઈ રંગરેજ (૬) શ્રી દિનેશભાઈ રાવજીભાઈ પટેલ (૭) શ્રી સની ચંદ્રકાંત ફુદનાવાલા (૮) શ્રીમતી નિમિષા દેવેન્દ્ર રંગરેજ (૯) શ્રીમતી ગીતાંજલી રમેશભાઈ ઈટાલીયા ચાલુ વર્ષમાં કમિટી સભ્યો તરીકે નિવૃત થાય છે. તેઓ ફરીથી ચૂંટાવાને પાત્ર છે. આમ ખાલી પડેલ જગ્યા માટે ઉમેદવારી કરવા ઈચ્છતા સભાસદો એ ચૂંટણીના નિયમ અનુસાર, તારીખ ૬ઠ્ઠી એપ્રિલ થી તા. ૧૨ મી એપ્રિલ દરમ્યાન સોસાયટીના લેવડ-દેવડના સમયમાં, જાહેર રજાના દિવસ સિવાય ઉમેદવારી પત્રક લઈ જઈ ભરી જવું. ઉમેદવારી પત્રક પાછું ખેંચવાની તારીખ ૧૫ મી એપ્રીલ છે.

તા. ૨૫-૦૩-૨૦૨૬ આલોક એસ. મહેતા
સુરત. માનદ્ મંત્રી


## ચીનના કતલખાનામાંથી સાત કૂતરાં ચતુરાઈથી ભાગ્યા

**આ સાત** કૂતરાઓને કોઇએ ચોરી લઇને ડોગ મીટ ફેક્ટરીમાં વેચી દીધા હતા

**જો કે** ત્યાંથી છટકીને આ કૂતરાઓ હોંશિયારીપૂર્વક ટોળકી બનાવીને પોતાના ગામ પહોંચ્યા, વીડિયો વાયરલ



બૈજિંગ, તા. ૨૪: ચીનમાં એક ડોગ મીટ ફેક્ટરીમાંથી ભાગી છૂટ્યા બાદ અને સાથે મળીને દસ માઈલની ઘર તરફની સફર ખેડ્યા પછી સાત ચોરાયેલા શ્વાનોએ લાખો લોકોના દિલ જીતી લીધા છે.

વાયરલ થયેલા ફૂટેજમાં વિવિધ કદના આ પ્રાણીઓ 'બેન્ડ ઓફ બ્રધર્સ' (ભાઈઓની ટોળકી) બનાવીને જીલિન પ્રાંતના ચાંગચુનમાં એક વ્યસ્ત હાઈવે પર દોડતા જોવા મળે છે. વીડિયોમાં જોઈ શકાય છે કે આ શ્વાનો એક ઈજાગ્રસ્ત જર્મન શેફર્ડ કૂતરાને ઘેરીને ચાલી રહ્યા છે, જ્યારે ટોળાનું નેતૃત્વ કરી રહેલો એક કોર્ગી ડોગ વારંવાર પાછળ ફરીને જુએ છે કે કોઈ પાછળ તો નથી રહી ગયું ને? આ જૂથમાં ગોલ્ડન રિટ્રીવર્સ, લેબ્રાડોર્સ અને પેકિંગીઝ નસલના કૂતરાઓનો પણ સમાવેશ થતો હતો. આ કૂતરાઓને કોઈએ ચોરી લીધા હતા અને તેમને કૂતરાના માંસની ફેક્ટરીમાં વેચી દીધા હતા એમ માનવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે ચીની લોકો કૂતરાનું માંસ પણ ખાય છે.

## દેશમાં પેટ્રોલ, ડીઝલ અને ગેસનો પૂરતો સ્ટોક : સરકાર

**ગભરાઈને** ઈંધણની વધુ પડતી ખરીદી અને સંગ્રહ ન કરવા સરકારની અપીલ

નવી દિલ્હી, તા. 24 (પીટીઆઈ): હોર્મુઝની સામુદ્રધુનીમાં સર્જાયેલી અશાંતિ વચ્ચે કેન્દ્ર સરકારે મંગળવારે સ્પષ્ટતા કરી છે કે ભારતમાં પેટ્રોલ, ડીઝલ અને એલપીજીનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માએ જણાવ્યું કે દેશની તમામ રિફાઈનરીઓ ઉચ્ચ ક્ષમતા પર કાર્યરત છે. તેમણે નાગરિકોને અફવાઓથી દૂર રહેવા અને ગભરાટમાં આવીને બળતણનો સંગ્રહ ન કરવા વિનંતી કરી છે. અફવાઓને કારણે કેટલાક વિસ્તારોમાં અસામાન્ય વેચાણ નોંધાયું હતું, પરંતુ દેશભરના પેટ્રોલ પંપ સંપૂર્ણપણે કાર્યરત છે. સરકારે સ્થાનિક એલપીજી ઉત્પાદનમાં વધારો કર્યો છે અને ઘરેલુ પીએનજી તથા ટ્રાન્સપોર્ટ માટેના સીએનજી પુરવઠાને સુરક્ષિત રાખ્યો છે.

## કેન્યામાં પૂરની સ્થિતિ વકરી : મૃત્યુઆંક ૮૮ પર પહોંચ્યો

**બે** નદીઓ કાંઠા તોડીને વહેવા માંડતા કેટલાક વિસ્તારોમાં ગંભીર પરિસ્થિતિ

**વિસ્થાપિતોની** સંખ્યા ૩૪૦૦૦નો આંક વટાવી ગઇ

નૈરોબી, તા. ૨૪ માર્ચ(એપી): કેન્યા સરકારે મંગળવારે જણાવ્યું હતું કે બે નદીઓ કાંઠા તોડીને વહેવા માંડતા ખેતરોમાં પાણી ભરાઈ ગયા છે અને અનેક પરિવારો વિસ્થાપિત થયા છે, આ સાથે જ આ પૂર્વ આફ્રિકન રાષ્ટ્રમાં આ મહિને પૂરના કારણે મૃત્યુઆંક વધીને ૮૮ થયો છે.


ઓછામાં ઓછા ૨૧ કાઉન્ટીઓ પૂરથી પ્રભાવિત થઈ છે, જેના કારણે જાહેર સુરક્ષા, ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નુકસાન અને વધતી જતી માનવીય જરૂરિયાતો અંગે ચિંતા ઊભી થઈ છે. આંતરિક મંત્રાલયે જણાવ્યું હતું કે માર્ચની શરૂઆતમાં શરૂ થયેલા પૂરમાં પોતાના ઘર છોડીને વિસ્થાપિત થયેલા લોકોની સંખ્યા હવે ૩૪,૦૦૦ થી વધુ પર પહોંચી ગઈ છે. પૂરની તાજેતરની ઘટના પશ્ચિમ કેન્યામાં બની હતી, જ્યાં સોમવારે ન્યાન્ડો નદી ઉભરાઈ હતી, જેના કારણે કેરિચો-અવાસી-કિસુમુ રોડ પર આવેલા અહેરો બ્રિજના કેટલાક હિસ્સાઓ પાણીમાં ડૂબી ગયા હતા અને આ પ્રદેશમાં વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો. સરકારી પ્રવક્તાની કચેરીએ એક નિવેદન બહાર પાડીને વાહનચાલકોને પૂરગ્રસ્ત માર્ગનો ઉપયોગ ન કરવા ચેતવણી આપી છે.

## રશિયાએ યુક્રેન પર લગભગ 400 ડ્રોન છોડ્યા

કિવ, તા. 24 (એપી): મંગળવારે અધિકારીઓએ જણાવ્યું હતું કે, યુક્રેનના નાગરિક વિસ્તારો પર રશિયાના મોટા ડ્રોન અને મિસાઈલ હુમલામાં ચાર લોકો માર્યા ગયા હતા અને ઓછામાં ઓછા 27 લોકો ઘાયલ થયા છે. મોસ્કોની સેનાએ યુક્રેનની ફ્રન્ટ લાઇન (યુદ્ધના મોરચા) પરની સંરક્ષણ હરોળને તોડવાના પ્રયત્નો તેજ કર્યા છે, જે સંભવિત વસંત ઋતુના થતા જમીની હુમલાની શરૂઆત હોઈ શકે છે. યુક્રેનની વાયુસેનાએ જણાવ્યું હતું કે, રશિયાએ રાતભર યુક્રેન પર લગભગ 400 લાંબા અંતરના ડ્રોન છોડ્યા હતા, જે છેલ્લા કેટલાક અઠવાડિયામાં તેનો સૌથી મોટો હુમલો છે. આ હુમલો મંગળવાર સવાર સુધી ચાલુ રહ્યો હતો. કારણ કે, દિવસના અજવાળામાં પણ ડઝનબંધ ડ્રોને રાજધાની કિવને નિશાન બનાવ્યું હતું.

## અમેરિકા અને ઈરાન વચ્ચે મધ્યસ્થી કરવા પાકિસ્તાન તૈયાર

ઈસ્લામાબાદ-લાહોર, તા. 24 (પીટીઆઈ): પાકિસ્તાનના વડા પ્રધાન શહબાઝ શરીફે મંગળવારે જાહેરાત કરી હતી કે તેમનો દેશ અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને સમાપ્ત કરવા માટે 'અર્થપૂર્ણ અને નિર્ણાયક વાટાઘાટો'ની સુવિધા આપવા માટે તૈયાર છે. પશ્ચિમ એશિયામાં શાંતિ સ્થાપવા માટે ઈજીપ્ત અને તુર્કી સાથે પાકિસ્તાન પણ પાછળા બારણેથી પ્રયાસો કરી રહ્યું હોવાના અહેવાલો બાદ આ નિવેદન આવ્યું છે. શરીફે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર જણાવ્યું હતું કે, જો અમેરિકા અને ઈરાન સંમત થાય, તો પાકિસ્તાન આ વિવાદના વ્યાપક ઉકેલ માટે યજમાન બનવા તૈયાર છે. આંતરરાષ્ટ્રીય મીડિયા રિપોર્ટ્સ મુજબ, પાકિસ્તાનના આર્મી ચીફ ફિલ્ડ માર્શલ અસીમ મુનીરે રવિવારે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મધ્યસ્થી અંગે ચર્ચા કરી હતી. બીજી તરફ, ટ્રમ્પે પણ સંકેત આપ્યો છે કે તેઓ ઈરાનના કોઈ 'ઉચ્ચ સ્તરીય અને સન્માનિત' નેતા સાથે સંપર્કમાં છે.



## આગામી પાંચ વર્ષ સુધી વિશ્વભરમાં ગેસના ભાવ આસમાને રહેવાની ભીતિ

**રાસ** લફાન ટર્મિનલને થયેલું વ્યાપક નુકસાન વૈશ્વિક ઉર્જા બજાર માટે મોટો ફટકો; ભારત સહિત એશિયાઈ દેશો પર સૌથી વધુ અસર થશે

લંડન, તા. 24: 19 માર્ચના રોજ વિશ્વના સૌથી મોટા લિક્વિફાઈડ નેચરલ ગેસ (એલએનજી) ટર્મિનલ, રાસ લફાન પર ઈરાની મિસાઈલ અને ડ્રોન દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. આ ટર્મિનલ વિશ્વના કુલ 20 ટકા ગેસ પુરવઠાનું સંચાલન કરે છે. આ હુમલામાં 295 ચોરસ કિમીમાં ફેલાયેલા આ વિશાળ સંકુલને ભારે નુકસાન થયું છે, જેને કારણે કરોડો ડોલરનું રોકાણ રાખમાં ફેરવાઈ ગયું છે. કતાર એનર્જીના સીઈઓ સાદ શેરિડા અલ-કાબીએ ચેતવણી આપી છે કે આ નુકસાન એટલું મોટું છે કે આગામી 5 વર્ષ સુધી ઈટાલી, બેલ્જિયમ, કોરિયા અને ચીન જેવા દેશોને થતા પુરવઠા પર અસર પડી શકે છે. એલએનજી (મિથેન)ને પ્રવાહી સ્વરૂપમાં ફેરવવા માટે તેને -162 ડિગ્રી સેલ્સિયસથી નીચે ઠંડુ કરવું પડે છે. આટલા નીચા તાપમાને સ્ટીલ પણ બરડ થઈને તૂટી જાય છે, તેથી તેનું સ્ટોરેજ અને પરિવહન અત્યંત જટિલ અને ખર્ચાળ હોય છે. રાસ લફાન જેવા સંકુલને ઊભું કરવામાં દાયકાઓનો સમય અને અબજો ડોલરનો ખર્ચ થયો છે. અત્યારે દેશના કુલ એલએનજી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના લગભગ 17 ટકા ભાગને નુકસાન થયું છે. આ પ્લાન્ટનું સમારકામ કરવું અત્યંત મુશ્કેલ છે, કારણ કે રિપેરિંગ પહેલાં પાઈપોને ધીમે ધીમે ગરમ કરવી પડે છે અને પછી ફરીથી ધીમે ધીમે ઠંડી કરવી પડે છે.